


"આ વખતે એંધાણ સારા નથી લાગતા..!!"

"તમે વળી ક્યારથી જ્યોતિષનું શરૂ કર્યુ..?!"

"અરે..! જ્યોતિષની વાત નથી કરતો..! ચૂંટણીના પ્રચારમાં જે રીતરસમો બહાર આવી રહી છે એ ચિંતાજનક છે..!"

"કેમ... શું તકલીફ પડી..?! દરોડા ક્યાંક પડે અને પેટમાં તમને દુઃખે..!! કો'ક ભાજપમાં જોડાય અને તમારો પારો આસમાને પહોંચે..!!"

"ના ચાલે આવું..! તમે જુઓ તો ખરા..! કઈ કક્ષાએ તમે રાજનીતિને લઈ જઈ રહ્યાં છો..! આ આપણા સંસ્કાર છે..?"

"હા... હું એજ કહું છું તમે જાતિ સમીકરણો ઉભા કરી મત લેવાની લાલચમાં ને લાલચમાં સમાજના ટુકડે-ટુકડા કરી નાંખ્યા એની ચિંતા છે અમને..! ક્યાં લઈ જઈ રહ્યા છો..?!"

"ઓ...હો...હો... આટલા વર્ષો તમે શું કર્યુ છે... તમે તો મહાત્મા... અને તમે કોઈ ભેદભાવ ઉભા નથી કર્યા.... પાટીદારોને અનામત જોઈતી હતી એટલે એમણે આંદોલન કર્યુ... અને એ આંદોલનમાં તમે અત્યાચાર કર્યા એટલે તમારો વિરોધ કરે છે..! આમાં અમે ક્યાં..?!"

"તમે જ છો ને..?! આંદોલનની પાછળ-આગળ બધે જ..! અમથા બધા રાહુલજીની સભામાં ઉમટે છે..?! અને પેલા અલ્પેશ અને જિજ્ઞેશ..! ઠાકોર સમાજ અને દલિત સમાજ..!!"

"આ તો તમારો ગજ વાગ્યો નહિ એટલે તમે આક્ષેપો કરો છો..! આ બન્ને યુવાનો તમારી પાસે કેટલીવાર આવ્યા અને બેઠા..?! અને તમે મચક ના આપી... તમે એમની વાત સાંભળી નહિ... એટલે અમારી સાથે છે..!! અમે કયાં સમાજના ભાગલા પડાવ્યા..?! આ ત્રણેયના આંદોલનો કચડી નાંખવામાં તમે કશુંય બાકી નથી રાખ્યું..!! એટલે આ આઘાતનો પ્રત્યાઘાત છે..!! સમજ્યા..?!"

"હા... સમજ્યા..!! તમારા તર્કોયે સમજ્યાને તમારા વિતર્કોયે સમજ્યા..!! પ્રજા બધુ જ જાણે છે..!! કોણે ક્યારે શું ભૂમિકા ભજવી છે..!!"

"ભૂમિકાની તો વાત જ ના કરો..! બે દિવસથી તમે કથિત વિડિયો વાયરલ કરાવી રહ્યા છો... આ સારૂ લાગે છે..?!"

"સારૂ લાગે કે ના લાગે એ ચર્ચાનો વિષય છે..! પણ અમે વિડિયો વાયરલ કરાવવાની ભૂમિકામાં ક્યાંય નથી..!!"

"ઓ...હો...હો..! એટલે તમારા વક્તાઓ ને પ્રવક્તાએ નિવેદનબાજી કરવા માડ્યા હતા..? તમારા નવા નીશાળીયાઓ દેકારા ને પડકારા કરતાં'તા... તમારી કોઈ ભૂમિકા જ નથી તો તમારે કુદી પડવાની ક્યાં જરૂર હતી... મૌન રહેવું હતું ને..?! શું વહી જતું તુ બોલ્યા વગર..?!"

"ખોટી વાત છે..! હળહળતુ જુઠાણું છે..! અમારે શું લેવા દેવા આવા વિડીયો વાયરલ કરવામાં..?! તમે ખોટા આક્ષેપો કરો છો..?!"

"જુઓ સાહેબ... વિડિયો સાચો હોય કે ખોટો હોય... એમાં પડવા નથી માંગતો...પણ આ વિડિયો ચૂંટણી ટાણે જ કેમ આવ્યો..?! એક સાથે બબ્બે-ત્રણ ત્રણ વિડિયો કેવી રીતે આવ્યા..?! અને તમે તો

● અનુસંધાન પાન-૫ પર



શહેરમાં ટ્રાફીકનો ધમધમાટ - શહેરના પ્રવેશદ્વાર સમા સરગાસણ ચોકડી અને શાહપુર ચોકડી પર આજકાલ ટ્રાફીકનો ધમધમાટ વધતો જાય છે... રાજકીય આગેવાનો ગુજરાતના ખૂણે ખૂણેથી ગાંધીનગર આવે છે... અને રાજકીય અવરજવરને કારણે ગાંધીનગરના માર્ગો ટ્રાફીકથી ધમધમતા રહે છે... રાજકીય અવરજવરની અસર શહેરના વેપાર ધંધા પર પણ વર્તાય છે...

# જિલ્લામાંથી ૬ કરોડ ૪૦ લાખની મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

### ૮૪૯ ખેડૂતો દ્વારા ઉત્પાદન, ટેકાના ભાવે ખરીદ કેન્દ્રોમાં વેચાણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૬ કરોડ ૪૦ લાખની કિંમતની મગફળીનો જથ્થો સરકાર દ્વારા ટેકાના ભાવથી ખરીદવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં સરકાર દ્વારા ટેકાના ભાવે આજ સુધીમાં ૧૪,૨૨૬ ક્વિન્ટલ મગફળીની ખરીદી થઈ ચુકી છે. જેનો ૮૪૯ ખેડૂતોએ લાભ લીધો છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં ૬૬૬ ખેડૂતો પાસેથી અને માણસામાંથી ૧૮૩ ખેડૂતો મળી કુલ ૮૪૯ ખેડૂતો પાસેથી આ મગફળી ખરીદવામાં આવી છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામના ખરીદ કેન્દ્ર પર ૧૧,૬૨૭ ક્વીન્ટલ અને માણસા ખરીદ કેન્દ્ર પરથી ૨૫૯૮ ક્વીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે.

આજે એક જ દિવસમાં ૧૩૮૧ ક્વીન્ટલની ખરીદી આ ખરીદ કેન્દ્રો પર થવા પામી છે.

જિલ્લામાં મગફળીનુ વિક્રમી ઉત્પાદન આ વખતે પણ નોંધાશે તેમ મનાઈ રહ્યુ છે. આ વખતે ૫ હજાર હેક્ટરમાં ખરીફ ઋતુમાં વાવેતર થયુ હતુ. જિલ્લામાં સરકારે લાભપાંચમથી ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે બે કેન્દ્રોને મંજૂરી આપી હતી જે ઉલ્લેખનીય છે. ખેડૂતોને હજુ સુધી ચુકવણુ નહિ થયુ હોવાથી ખેડૂતો હજુ પણ ઉત્પાદન સાથે બજારમાં આવતા ખચકાય છે અને જે મર્યાદાઓ નિયત કરાઈ છે તે થોડીક હળવી કરવામાં આવે તેવી લાગણી ખેડૂતોમાં પ્રવર્તી રહી છે.

# ગાંધીનગરના આંગણે વિશ્વનુ સૌથી મોટુ સિરામિકસ એક્સ્પો

### સિરામિક એકસપોમાં ૬૫ થી વધુ દેશો ૨૫૦થી વધુ પ્રદર્શનકારીઓ ભાગ લેશે : ૪૦૦ થી વધુ બ્રાન્ડસ જોવા મળશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં પ્રથમવાર વિશ્વનુ સૌથી મોટુ વાઈબ્રન્ટ સિરામિક એકસપો યોજાશે. આગામી તા ૧૬ થી ૧૯ નવેમ્બર દરમિયાન સે-૧૭ સ્થિત એકઝીબીશન સેન્ટરમાં સિરામિક એકસ્પો તેમજ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનમાં વિવિધ ૬૫ થી વધુ દેશોમાંથી ડેલીગેટસ ભાગ લેશે. જયારે સિરામિક એકસ્પોમાં ૪૦૦થી વધુ બ્રાન્ડ જોવા મળશે. સિરામિક એકસ્પોની આ બીજી આવૃતિ રહેશે. અગાઉ અમદાવાદ બાદ હવે ગાંધીનગરમાં આ પ્રકારના એકસ્પોનુ પ્રથમવાર આયોજન કરવામાં આવ્યુ છે.

વાઈબ્રન્ટ સમિટ સિરામિક એકસપો એન્ડ સમિટ ૨૦૧૭ સે-૧૭ માં ટાઉનહોલ નજીક ૫૦ હજાર ચો મીની જગ્યામાં યાજાશે. જેમાં ૨૫૦ થી વધુ પ્રદર્શનકારી તેમજ ૪૦૦ થી વધુ બ્રાન્ડસ રજુ કરશે. વાઈબ્રન્ટ સિરામિક એકસપો ૨૦૧૭ના પ્રમુખ નિલેશ જેતપરિયાએ જણાંવ્યુ હતુ કે ભારતમાં દુનિયાનુ સૌથી વિશાળ બીજા નંબરનુ બજાર છે. હાલમાં મહેસુલમાં ૪ અબજ ડોલરનુ યોગદાન આપી રહયા છીએ જયારે ૧૦ લાખથી વધુ લોકોને રોજગારી આપી છે. વાઈબ્રન્ટ સિરામિક એકસપો એન્ડ સમિટના સી ઈ ઓ સંદિપ પટેલે આ અંગે જણાંવ્યુ હતુ કે ગત વર્ષે આ એકસપોમાં ૪ લાખથી વધુએ ભાગ લીધો હતો. ઈવેન્ટના અંત સુધીમાં ૫૦૦ કરોડનો વેપાર થયો હતો. જયારે આગામી એકસપોમાં પણ ઓસ્ટ્રેલિયા, જર્મની, ઈટાલી ઈન્ડોનેશિયા, ફ્રાન્સ ચીન રશિયા , સાઉદી એરબિયા શ્રીલંકા, સાઉથ આફિકા સહીતના દેશો ભાગ લેશે. સિરામિક એકસપો દરમિયાન ધંધાકીય એમ ઓ યુ પણ થશે. ચાઈના બાદ મોરબી બીજા નંબરનુ સિરામિક કલસ્ટર બન્યુ છે. અગાઉ વિદેશના દેશોમાંથી સિરામિક મંગાવતા મોરબીના સિરામિક ઉદ્યોગકારો દેશ બહાર એકસપો કરવામાં આગળ વધ્યા છે. સરકારે જી એસ ટી ક્ષેત્રે ૨૮ ટકાના બદેલ ૧૮ ટકા સુધીની રાહત આપતા આ એકસપોમાં ભાગ લેવા વધુ કંપનીઓ પ્રોત્સાહીત થશે. આ એકસપોમાં વાણિજય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુ સમાપન પ્રસંગે હાજરી આપશે. સિરામિક ઈન્ડસ્ટ્રીઝને લગતા ૩૦ જેટલા એવોર્ડસ પણ અપાશે. ફિનિશ્ડ પ્રોડક્ટસ માટે દુનિયાનુ સૌથી મોટુ વિશાળ સિરામિકસ પ્રદર્શન યોજાશે.

## શ્યામ રંગીલા અને રાજુ શ્રીવાસ્તવ સહીતના કલાકારો કાર્યક્રમ રજુ કરશે

સે-૧૭ ટાઉનહોલ નજીક ચાર દિવસના આ એકસપો દરમિયાન ૬૫ વિવિધ દેશોમાંથી ૨૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. જયારે ગાંધીનગરમાં પ્રથમવાર યોજાનારા આ પ્રકારના એકસપાને અનુલક્ષી એકસપો એન્ડ સમિટ ૨૦૧૭ દ્વારા રોજ સાંજના સમયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. જેમાં રાજુ શ્રીવાસ્તવ શ્યામ રંગીલા સહીતના કલાકારો કાર્યક્રમ રજુ કરશે. શ્યામ રંગીલા પ્રથમવાર કાર્યક્રમ રજુ કરશે



## વિદેશી ડેલીગેટસ માટે મોરબી જવા ખાસ હેલીકોપ્ટર ઉડશે

સિરામિક એકસપો દરમિયાન વિવિધ દેશોના ડેલીગેટસ હાજરી આપવાના છે. આ વિશ્વ કક્ષાના એકસપોને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જયારે વિદેશના ડેલીગેટસ મોરબીના સિરામિક ઉદ્યોગોની મુલાકાત લઈ શકે તે માટે ખાસ હેલીકોપ્ટર સેવા ઉપલબ્ધ કરાવાશે. આ માટે સતત ચાર દિવસ હેલીકોપ્ટર માટે જરૂરી મંજુરી પણ સિરામિક એકસપોના આયોજકો દ્વારા લેવામાં આવી છે.આ પ્રકારના એકસપોમાં પ્રથમવાર હેલીકોપ્ટર માટે મંજુરી લેવામાં આવી છે.



મતદાર જાગૃતિ - આગામી વિધાનસભાની ચૂંટણી સંદર્ભે મતદાર જાગૃતિ અભિયાન રાજ્યના વહીવટી તંત્ર દ્વારા આરંભાયું છે... વધુમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો હાથ ધરાયા હતા... અમદાવાદ - ગાંધીનગરમાં સંકલ્પ લેવડાવવા મતદાર જાગૃતિ રેલી યોજાઈ હતી... જેમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા....

# ચૂંટણી સર્વે પર ૯થી ૧૪મી ડિસેમ્બર સુધી ચૂંટણી પંચની રોક

### ચૂંટણી સંબંધિત સર્વે પર પ્રતિબંધ : પંચ દ્વારા મતદાન માટે વૈકલ્પિક પુરાવા જાહેર કરાયા

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં આગામી માસમાં બે તબક્કામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ અગાઉ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક્સ મિડિયા પરથી ચૂંટણીલક્ષી પરિણામોની આગાહી કરવા ઉપર પ્રતિબંધ ફરવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી પંચ તરફથ અધિક માહિતી નિયામક દ્વારા જારી કરવામાં આવેલા એક પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, વિધાનસભાની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર માસમાં યોજાવવા જઈ રહી છે. આ ચૂંટણી સંદર્ભમાં લોક પ્રતિનિધિત્વ ધારા ૧૯૫૧ની કલમ ૧૨૬એ મુજબ મુક્ત ન્યાયી અને પારદર્શક ચૂંટણી યોજાય તે માટે ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની આગાહ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ધારા હેઠળ ૯ ડિસેમ્બરના સવારના ૮ કલાકથી ૧૪ ડિસેમ્બરે સાંજે ૬૭ વાગ્યા સુધ કોઈપણ પ્રકારના પરિણામોની આગાહી પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયાના મધ્યમથી કરી શકાશ નહીં. બીજી તરફ વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં જાર કરવામા આવેલા કેટલાક મહત્વના નિર્દેશોમાં મતદારોને માટે ફોટો મતદાર કાર્ડ રજૂ કરવા અંગે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. આ અંગે યાદીમાં જણાવાયા મુજબ જો ફોટો ઓળખકાર્ડ ન હોય તો પંચ દ્વારા માન્ય એવા પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાયસન્સ, સરકારી નોકરીઓમાં આપવામાં આવતા ઓળખપત્રો, બેંક અને પોસ્ટઓફિસની ફોટા સાથેની પાસબુક, પાનકાર્ડ, ફોટા સાથે પેન્શન દસ્તાવેજ, પંચ તરફથી આપવામાં આવેલી અધિકૃત, ફોટો વોટરસ્લીપ્સ અને આધાર કાર્ડને પુરા તરીકે માન્યા કરવામાંઆવ્યા છે. મતદાર ફોટો ઓળખ ન હોય તે સંદર્ભમાં મતદારો મતદાન કરી શકે.

# નોટબંધી-GSTથી અર્થતંત્ર પર ગંભીર ખતરો તોળાયો છે

### પૂર્વ કેન્દ્રીય મંત્રી, પ્રખર અર્થશાસ્ત્રી સિંહાની સમીક્ષા : જીએસટીમાં આમૂલ પરિવર્તનની જરૂર છે : ઉતાવળિયા નિર્ણયોએ આર્થિક વિકાસ દર ચિંતાજનક રીતે ઘટાડયો

અમદાવાદ,તા.૧૪

દેશના પૂર્વ કેન્દ્રીય નાણાંમંત્રી અને પ્રખર અર્થશાસ્ત્રી યશવંતસિંહા ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે. આજે અમદાવાદમાં તેમણે મોદી સરકારના શાસનમાં નોટબંધી અને જીએસટી સહિતના વિવાદીત નિર્ણયોને લઈ દેશની કથળેલી અર્થવ્યવસ્થા અંગે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશની અર્થવ્યવસ્થા પર ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. તેમણે જીએસટીમાં આમૂલ પરિવર્તનની તાત્કાલિક જરૂર હોવાનું જણાવતાં કહ્યું કે, નોટબંધી અને જીએસટી જેવા ઉતાવળિયા અને વગરવિચાર્યા નિર્ણયોના કારણે દેશનો જીડીપી ગ્રોથ રેટ(આર્થિક વિકાસ દર) ચિંતાજનક રીતે ઘટીને ૫.૭ ટકા થયો છે, કદાચ સાચા આંક પ્રમાણે ૩.૭ ટકા છે. તેમણે દેશમાં આઠ લાખ કરોડના હાલમાં પ્રવર્તી રહેલા નોન પરફોર્મીંગ એસેટ્સ(એનપીએ)ને લઈને પણ



ભારે ચિંતા વ્યકત કરી હતી અને મોદી સરકાર તેમ જ નાણામંત્રી અરૂણ જેટલી પર આકરા પ્રહારો કર્યા હતા. લોકશાહી બચાવો અભિયાનના પ્રણેતા પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, કન્વીનર ગૌતમ ઠાકર અને અગ્રણીઓ પ્રો.હેમંત શાહ અને મહેશ પંડયા સાથે ઔપચારિક મુલાકાત કર્યા બાદ ભાજપના દિગ્ગજ કદાવર નેતા અને આર્થિક સમીક્ષક યશવંતસિંહાએ નિખાલસપણે મોદી સરકાર અને જેટલીના નોટબંધી અને જીએસટીના નિર્ણયોને ભૂલભરેલા અને અસફળ ગણાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યુ કે, નોટબંધીનો જે મૂળ ઉદ્દેશ કાળા

● અનુસંધાન પાન-૫ પર

# ચૂંટણીના ખર્ચ માટેના વિવિધ વસ્તુઓના દર તંત્ર દ્વારા નિયત થયા

### ખુરસીનુ ભાડુ રૂ. ૫ તો ખેસના રૂ. બે; નાસ્તાના રૂ. ૨૦ મિસ્ટાન સાથેની થાળીનું ભોજન રૂ. ૮૦માં..!

ગાંધીનગર, તા. ૧૪

વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ ઉમેદવાર દ્વારા થનારા ખર્ચ અંગે જિલ્લાતંત્રએ બજારના વિવિધ ભાવો મેળવી અને તે બાબતેના દર નિયત કરી દીધા છે. જે ઉમેદવાર દ્વારા રજુ થયેલા ખર્ચના હિસાબની ચકાસણી માટે પૂરક બનશે.

વિધાનસભાની ચૂંટણી માટે ખર્ચ મર્યાદા ઉમેદવાર માટે રૂ. ૨૮ લાખની નિયત કરવામાં આવી છે. તંત્રએ આ સંદર્ભે ભાવ-પત્રક તૈયાર કરી દીધુ છે.

ભલે અડધી ચા ૧૦ રૂ. મળતી હોય પણ તંત્ર માને છે કે અડધી ચા રૂ. ૮ના દરે મળી શકે છે અને દૂધનો ભાવ રૂ. ૧૦ નિયત કરાયો છે. નાસ્તાનો દર રૂ. ૨૦, તેમજ ખાદીની ટોપીનો ભાવ રૂ. ૩૦ રાખવામાં આવેલ છે. જો કે હવે ખાદી ટોપી ચૂંટણીમાં પણ માંડ જોવા મળશે.

ઉમેદવાર જે થાળી જમાડશે તેનો દર મિસ્ટાન સાથે રૂ. ૮૦ રહેશે તો સાદી થાળીનો દર રૂ. ૫૦ રાખવામાં આવ્યો છે. પાણીની નાની બોટલનો દર રૂ. ૫ અને મોટી બોટલનો દર રૂ. ૨૦ તેમજ પાણીના જગના રૂ. ૩૦ રાખવામાં આવ્યા છે.

રિક્ષાભાડુ ૧ દિવસનું ૮૦૦ તથા ઉપર માઈક લગાડ્યુ હશે તો તેના રૂ. ૪૦૦, પેડલ રિક્ષાના રૂ. ૭૦૦ નિયત કરવામાં આવ્યા છે. તો પક્ષ દ્વારા આપવામાં આવતા કાર્યકરોના ખેસની કિંમત રૂ. ૨ બજારમાં હોવાનું તંત્રનું માનવુ છે.

તંત્ર દ્વારા પ્લાસ્ટીકની ખુરશીનું ભાડુ રૂ. પાંચ જ રાખવામાં આવ્યુ છે. તંત્રએ નિયત કરેલા આ ભાવમાં જીએસટી લગાડીને નિયત થયેલા છે કે કેમ તે જાણવા મળ્યુ નથી પણ આ બધા દર જોતાં બજારમાંથી મોંઘવારી દૂર થઈ છે તેમ ચોક્કસ લાગી રહ્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com